# જેતપુર નવાગઢ નગરપાલિકા.ધોરાજી રોડ, જેતપુર જી.રાજકોટ
# કચેરી ફોન નં. (૦૨૮૨૩) ૨૨૦૦૪૨

---

**" અનુસુચિ – એ "**

**– જગ્યાઓ ભરવા અંગેની જાહેરાત –**

જેતપુર નવાગઢ નગરપાલિકા, જિલ્લો : રાજકોટની નીચેની વિગતે જુદા જુદા સંવર્ગની ખાલી પડેલ જગ્યાઓ ઉપર સરકારશ્રીનાં નાણાં વિભાગનાં તા. ૧૬/૨/૦૬ નાં ઠરાવની જોગવાઈઓ અનુસાર પાંચ વર્ષના સમયગાળા માટે ફિકસ પગારનાં અજમાયશી તરીકે સીધી ભરતીથી સહાયક તરીકે કરાર આધારિત નિમણૂંક સ્પર્ધાત્મક પરીક્ષા દવારા નગરપાલિકાની પસંદગી સમિતિ દવારા નકકી કરવામાં આવેલ ધોરણો તથા શરતો અને ભરતી અંગેના જેતપુર નવાગઢ નગરપાલિકાના મંજુર થયેલ નિયમો ને આધિન મેરીટના ધોરણે નિમણુંક કરવાની છે. સરકારશ્રી દવારા સુધારવામાં આવેલ ફીકસ પગારનાં ધોરણો નગરપાલિકા દવારા અમલમાં લેવામાં આવ્યેથી ફેરફારને પાત્ર રહેશે. પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાયેથી જે તે સંવર્ગનાં નિયમિત પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિયમિત નિમણુંક આપવા વિચારણા કરવામાં આવશે.

| ક્રમ | જગ્યાનો પ્રકાર | વર્ગ | લઘુતમ શૈક્ષણિક લાયકાત તથા અનુભવ | જગ્યાનું હાલનું પગાર ધોરણ | માસીક ફીકસ પગાર રૂપિયા | અનામત વર્ગ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વોટર વર્કસ સુપરવાઈઝર | ૩ | ડી.સી.ઈ. અથવા ડી.એમ.ઈ. તથા બે વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર. | ૯૩૦૦ – ૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ | ૧૩૫૦૦ +૧૫૦૦ | બીન અનામત | ૦૧ |
| ૨ | વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ | ૩ | ડી.સી.ઈ. અથવા ડી.એમ.ઈ. તથા એક વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર. | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ | ૧૩૫૦૦ +૧૫૦૦ | બીન અનામત | ૦૧ |
| ૩ | ઓવરસીયર | ૩ | ડી.સી.ઈ. તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર તથા ૩(ત્રણ) વર્ષનો અનુભવ ધરાવનાર. | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ | ૧૩૫૦૦ +૧૫૦૦ | બીન અનામત | ૦૧ |
| ૪ | ઈલેકટ્રીક ઈન્સપેકટર | ૩ | ડીપ્લોમા ઈન ઈલેકટ્રીકલ એન્જીનીયર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર તથા બે વર્ષનો અનુભવ ધરાવનાર અથવા ઈલેકટ્રીક સુપરવાઈઝર કોર્ષ પાસ, તથા ત્રણ વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર. | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ | ૧૩૫૦૦ +૧૫૦૦ | બીન અનામત | ૦૧ |
| ૫ | મીસ્ત્રી | ૩ | ડી.સી.ઈ. તથા એક વર્ષનો અનુભવ તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર અથવા ડ્રાફટસ મેન સીવીલ તથા બે વર્ષનો અનુભવ તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર. | ૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ | ૭૮૦૦ +૨૨૦૦ | બીન અનામત | ૦૨ |

ઉપરોકત જગ્યાઓ માટે અરજી કરવાની રીત, અરજીનો નમુનો,વય મર્યાદા,પરીક્ષા ફી ભરવાની વિગત, પરીક્ષા ફી ભરવામાંથી મુકિત અંગેની વિગત, પરીક્ષાનો અભ્યાસ ક્રમ, પરીક્ષા પધ્ધતિ, કોમ્પ્યુટરની જાણકારી,સામાન્ય શરતો સહિત જરૂરી તમામ વિગતો નગરપાલિકાની વેબ સાઈટ www.jetpurnagarpalika.org ઉપર જોવા મળી શકશે. ઉમેદવારે આ વિગતોનો અભ્યાસ કરીને ચોકસાઈ પુર્વક અરજી આ જાહેરાત દૈનિક પેપરમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં નગરપાલિકાને મળી જાય તે રીતે માત્ર રજી.પોસ્ટ એ.ડી. અગર તો સ્પીડ પોસ્ટ દવારા ચીફ ઓફિસરશ્રી, જેતપુર નવાગઢ નગરપાલિકા, ધોરાજી રોડ, જેતપુર જી. રાજકોટને ઉદ્દેશીને મોકલી આપવાની રહેશે. ખાનગી કુરીયર કે આંગડીયા સર્વીસ દવારા મોકલાયેલ કે સાદી પોસ્ટ થી, રૂબરૂ, ઈ મેઈલ કે અન્ય રીતે મોકલવામાં આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. મુદત બહારની, નિયત નમુના સિવાયની, નગરપાલિકાએ નકકી કરેલા ધોરણોથી વિપરિત તથા પરીક્ષા ફી રૂા. ૫૦૦/– ભર્યા સિવાયની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી. અને આવી અરજીઓ " રદ" ગણવામાં આવશે. અરજી કવર પર જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. અરજી માત્ર નિયત નમુનામાં ગુજરાતી ભાષામાં સ્વચ્છ અક્ષર માં અગર તો ટાઈપ કરેલ હોવી જોઈશે. આવશ્યકતા હોય તો એક કરતા વધુ પેજ માં પરંતુ નિયત નમુનામાં જ અરજી કરી શકાશે. ઉમેદવારે નિયત અરજી ફોર્મ સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ ૧ + ૨ = ૩(ત્રણ કોપી), પરીક્ષા ફી અંગેનો ચીફ ઓફિસર જેતપુર નવાગઢ નગરપાલિકાના નામનો રૂા. ૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ અથવા બેન્કર્સ ચેક તથા પરીક્ષા ફી મુકિત માટે માત્ર અનામત વર્ગના ઉમેદવારે અનામત વર્ગનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. આ સિવાયના કોઈ આધારો અરજી ફોર્મ સાથે મોકલવાના રહેશે નહી. જેની દરેક ઉમેદવારે ખાસ ખાસ નોંધ લેવી.

ઉમેદવાર એક કરતા વધુ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતો હોય તો અલગ અલગ અરજી કરવાની રહેશે. અને અલગ અલગ પરીક્ષા ફી ભરવાની રહેશે. અને અલગ અલગ પરીક્ષા આપવાની રહેશે.

આ જાહેરાત સબંધેની સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન વખતો વખતની વિગતો, મહત્વની સુચનાઓ માટે નગરપાલિકાની વેબ સાઈટ www.jetpurnagarpalika.org નિયમિત પણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ કરવામાં આવે છે.

આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર કોઈપણ ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાને સંપુર્ણ હકક / અધિકાર રહેશે અને નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

જે.મ્યુ.જા.નં. ૬૪૯
તા. ૬/૦૩/૨૦૧૯

| | | |
|---|---|---|
| સહી/– | સહી/– | સહી/– |
| (સી.બી.રબારી) | (એમ.એન. નંદાણીયા) | (કુસુમબેન એસ.સખરેલીયા) |
| ચીફ ઓફિસર | ચેરમેન | પ્રમુખ |
| જેતપુર – નવાગઢ નગરપાલિકા | પસંદગી સમિતિ | જેતપુર – નવાગઢ નગરપાલિકા |
| | જેતપુર નવાગઢ નગરપાલિકા | |

# <u>શૈક્ષણિક લાયકાતની વિગત</u>

(૧) વોટર વર્કસ સુપરવાઈઝર :–
ડીપ્લોમા ઈન સીવીલ એન્જીનીયર અથવા ડીપ્લોમા ઈન મિકેનીકલ એન્જીનીયર તથા બે વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર.

(૨) વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ : –
ડીપ્લોમા ઈન સીવીલ એન્જીનીયર અથવા ડીપ્લોમા ઈન મિકેનીકલ એન્જીનીયર તથા એક વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર.

(૩) ઓવરસીયર : –
ડીપ્લોમા ઈન સીવીલ એન્જીનીયર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર તથા ૩(ત્રણ) વર્ષનો અનુભવ ધરાવનાર.

(૪) ઈલેકટ્રીક ઈન્સપેકટર : –
ડીપ્લોમા ઈન ઈલેકટ્રીકલ એન્જીનીયર તથા તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર તથા બે વર્ષનો અનુભવ ધરાવનાર અથવા ઈલેકટ્રીક સુપરવાઈઝર કોર્ષ પાસ, તથા ત્રણ વર્ષનો અનુભવ ધરાવનાર તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર.

(૫) મીસ્ત્રી : –
ડીપ્લોમા ઈન સીવીલ એન્જીનીયર તથા એક વર્ષનો અનુભવ તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર અથવા ડ્રાફટસ મેન સીવીલ તથા બે વર્ષનો અનુભવ તથા સી.સી.સી. લાયકાત ધરાવનાર.

અનુભવ અંગેની સ્પષ્ટતા :–

(અ) ઉપરોકત જગ્યાઓમાં જે તે લઘુતમ તાંત્રિક લાયકાત મેળવ્યા બાદનો અનુભવ જ ધ્યાનમાં લેવામાં આવશે.

(બ) ઉપરોકત જગ્યાઓમાં જે તે જગ્યાને અનુરૂપ તાંત્રિક કામગીરી અંગેનો અનુભવ જ ધ્યાનમાં લેવામાં આવશે.

## " અનુસૂચિ – બી "

### (૧) અરજી કરવાની રીત :–

(એ) વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ, વોટર વર્કસ સુપરવાઈઝર, ઓવરસીયર, ઈલેકટ્રીક ઈન્સપેકટર તથા મિસ્ત્રી ની જગ્યાઓ માટેની અરજી આ સાથેના અનુચૂચિ – સી મુજબના નિયત નમુનાના અરજી ફોર્મમાં માત્ર રજી.એ.ડી. પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી નગરપાલિકાએ નકકી કરેલ સમય મર્યાદામાં નગરપાલિકાને મળી જાય તે રીતે ઉમેદવારે અરજી મોકલવાની રહેશે. ઉમેદવારે અરજીના લાગુ પડતા તમામ કોલમ ભરવાના રહેશે.

(બી) ઉમેદવારોએ અરજી સાથે શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ વિગેરે લાગુ પડતી તમામ વિગતો નિયત અરજીમાં યોગ્ય કોલમમાં ચોકસાઈપૂર્વક દર્શાવવાની રહેશે. પરંતુ અરજી સાથે ઉકત આધારો જોડવાના રહેશે નહી. ઉમેદવારે અરજી સાથે માત્ર તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ૧+૨ = ૩ (ત્રણ કોપી), પરીક્ષા ફીનો ડીમાન્ડ ડ્રાફટ અથવા બેન્કર્સ ચેક અને પરીક્ષા ફી માં મુકિતને પાત્ર હોય તેવા અનામત વર્ગના ઉમેદવારે જે તે અનામત વર્ગનો સક્ષમ અધિકારીનો દાખલો અચુક જોડવાનો રહેશે.તે સિવાયના કોઈ આધારો અરજી સાથે જોડવાના રહેશે નહી. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થયેલા મેરીટ લીસ્ટમાં સમાવેશ થયેલ અને ૧ થી ૫ મેરીટ ક્રમના ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે જરૂરી તમામ અસલ આધારો રજુ કરવાના રહેશે.

(સી) સામાન્ય રીતે જે તે જગ્યા માટે એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતા, એક થી વધુ અરજીના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એકજ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

(ડી) એક જ ઉમેદવાર અલગ અલગ જગ્યાઓ માટે અલગ અલગ અરજી કરી શકશે. જે માટે જગ્યા દીઠ અલગ અલગ ફી ભરવાની રહેશે. જે અરજીઓ પૈકી જગ્યા દીઠ ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એકજ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

(ઈ) નિયત કરેલ પરીક્ષા ફી ભર્યા વગરની, રૂબરૂ, સાદી ટપાલ,આંગડીયા સર્વીસ કે કુરીયર મારફત મોકલવામાં આવેલ અરજીઓ, નિયત નમુનામાં ન હોય તેવી અધુરી,અસ્પષ્ટ, સહી વગરની, અને મુદત બહારની તથા નગરપાલિકાની જાહેરાતથી વિપરીત રીતે કરેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને આવી અરજીઓ દફતરે કરવામાં આવશે.

### (૨) વય મર્યાદા :–

(એ) વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ, વોટર વર્કસ સુપરવાઈઝર, ઓવરસીયર, ઈલેકટ્રીક ઈન્સપેકટર તથા મિસ્ત્રી ની જગ્યાઓ માટેના ઉમેદવારોની અરજી કરવાની છેલ્લી તારીખે વય મર્યાદા ૧૮ વર્ષ કરતા ઓછી નહી અને ૩૩ વર્ષ કરતા વધુ નહી તેટલી રહેશે.

(બી) સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો, આર્થિક રીતે નબળા વર્ગના (૧૦ % અનામતમાં સમાવિષ્ટ થયેલ) તેમજ માજી સૈનિક,શારિરીક વિકલાંગ ઉમેદવારો, તથા નગરપાલિકામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને વય મર્યાદામાં નીચે મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

પાના – ૨ ઉપર..

(૧) જે તે સંવર્ગની જગ્યાઓ માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(૨) વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ – ૧, વોટર વર્કસ સુપરવાઈઝર – ૧, ઓવરસીયર –૧, ઈલેકટ્રીક ઈન્સપેકટર –૧ તથા મિસ્ત્રી – ૨ સંવર્ગની જગ્યાઓ બીન અનામત જગ્યાઓ હોય અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને, આર્થિક રીતે નબળા વર્ગના (૧૦ % અનામતમાં સમાવિષ્ટ થયેલ) ઉમેદવારોને વય મર્યાદામાં કોઈ છુટછાટ મળશે નહી, પરંતુ મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(૩) ઉકત બીન અનામત જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે / અરજી પત્રક ભરી શકશે. પરંતુ તેઓને વય મર્યાદામાં કોઈ છુટછાટ મળશે નહિ. માત્ર મહિલા તરીકેના પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(૪) સામાન્ય વર્ગના વિકલાંગ પુરુષ ઉમેદવારોને ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(૫) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(૬) નગરપાલિકાની સેવામાં પહેલેથી હોય તેવા ઉમેદવારોને નગરપાલિકાના ભરતી નિયમોની જોગવાઈ મુજબ મળવાપાત્ર છુટછાટ આપી શકાશે.

(૭) માજી સૈનિક ઉમેદવારોને સળંગ ૬ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમીત રીતે નિવૃત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉમરમાંથી બાદ કરતા મળતી ઉમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈશે નહી.

(૮) વય મર્યાદામાં જે ઉમેદવારોને છુટછાટ મળવાપાત્ર છે તે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહી તે રીતે જ ઉપલી વય મર્યાદામાં છુટછાટ મળશે.

## (૩) પરીક્ષા પધ્ધતિ : –

વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ – ૧, વોટર વર્કસ સુપરવાઈઝર – ૧, ઓવરસીયર –૧, ઈલેકટ્રીક ઈન્સપેકટર –૧ તથા મિસ્ત્રી – ૨ જગ્યાઓ ઉપર પસંદગી પામવાના હેતુસર નગરપાલિકાની જાહેરાત અનુસારના તમામ માપદંડોમાં ઉતીર્ણ થયેલ અને પરીક્ષા ફી ભરેલ માન્ય અરજીના લાયક ઉમેદવારે હેતુલક્ષી પ્રશ્નોવાળી એમ.સી.કયુ. / ઓ.એમ.આર પધ્ધતિની લેખિત પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષાના વિષય વાર અભ્યાસક્રમ અને ગુણભાર નીચે મુજબ રહેશે.

પાના – ૩ ઉપર ..

| ક્રમ | વિષય | ગુણ | સમય ગાળો |
|---|---|---|---|
| ૧ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાત ડીપ્લોમા સીવીલ/ ડીપ્લોમા મીકેનીકલ,/ડીપ્લોમા ઈલેકટ્રીકલ (લઘુતમ) ને સબંધિત વિષય નું પેપર | ૬૦ | ૯૦ મીનીટ |
| ૨ | સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઈતિહાસ,ભૂગોળ અને સંસ્કુતિ,ભારતનું બંધારણ,રમતગમત,સામાન્ય વિજ્ઞાન,વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન,ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ,સરકારી યોજનાઓ, નગરપાલિકા અધિનિયમ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ,ગાણિતીક કસોટીઓ વિગેરે | ૨૦ | |
| ૩ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૪ | અંગ્રેજી વ્યાકરણ | ૦૫ | |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

(A) ઉપરોકત પ્રશ્નપત્રોમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(B) ક્રમ (૧) માટે અભ્યાસક્રમનું વિષય વસ્તુ સબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુતમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ જી.ટી.યુ. માન્ય અભ્યાસક્રમ રહેશે.

(C) ક્રમ નં. ૨ થી ૪ માટે અભ્યાસક્રમનું વિષય વસ્તુ ધોરણ – ૧૦ (S.S.C.) ની સમકક્ષ રહેશે.

(D) સ્પર્ધાત્મક લેખિત કસોટીના અંતે ઉમેદવારોને કવોલીફાય થયેલ ગણવા માટે તમામ કેટેગીરીના ઉમેદવારો માટે લઘુતમ લાયકી ધોરણ લેખિત કસોટીના ૪૦ % ગુણ રહેશે. એટલે કે ૪૦ % કે તેથી વધારે માર્કસ મેળવેલ ઉમેદવારોનો જ મેરીટ લીસ્ટમાં સમાવેશ થશે.

(E) મેરીટમાં અગ્રતા ક્રમ ઉપરના ઉમેદવારમાં સરખા ગુણ મેળવેલ ઉમેદવારનો અગ્રતા ક્રમ જે તે સંવર્ગની ડીપ્લોમા /ડીગ્રી અભ્યાસક્રમની ટકાવારીને આધારે નકકી કરવામાં આવશે. દા.ત. મેરીટના અગ્રતા ક્રમના એક કરતા વધારે ઉમેદવારે લેખિત પરીક્ષામાં સરખા ગુણ મેળવેલ હશે તેવા કિસ્સામાં આવા ઉમેદવારનાં ડીપ્લોમા / ડીગ્રી અભ્યાસ ક્રમમાં મેળવેલ ઉચ્ચ ટકાવારી ધ્યાને લઈને ઉમેદવારનો અગ્રતા ક્રમ નકકી કરવામાં આવશે. આમછતા મેરીટમાં અગ્રતા ક્રમ નકકી કરવા બાબતે વિશેષ નિર્ણય કરવાની આવશ્યકતા ઉભી થશે તો નગરપાલિકાની પસંદગી સમિતિ દવારા નિર્ણય કરવામાં આવશે. અને તે માન્ય ગણાશે.

(F) પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.

(G) દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

પાના – ૪ ઉપર ..

(H) ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.

(I) દરેક પ્રશ્નના જવાબમાં ' E ' " Not attempted " રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે. અને " Not attempted " વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્ક લાગુ પડશે નહિ.

(J) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

**(૪) કોમ્પ્યુટરની જાણકારી (સી.સી.સી.)**

વોટર વર્કસ સુપ્રીટેન્ડન્ટ, વોટર વર્કસ સુપરવાઈઝર, ઓવરસીયર, ઈલેકટ્રીક ઈન્સપેકટર તથા મિસ્ત્રી સંવર્ગની જગ્યાના ઉમેદવારોએ આ જગ્યાની શૈક્ષણિક લાયકાતમાં સમાવિષ્ટ સી.સી.સી.લાયકાત નગરપાલિકાના નિયમોનુસાર સરકાર માન્ય ઓપન યુનિવર્સીટી જેવી કે ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અથવા આઈ.ટી.આઈ. (સરકાર માન્ય) અથવા ''સ્પીપા'' માંથી મેળવેલ હશે તો તે માન્ય ગણાશે. તથા ઉકત સંવર્ગના ઉમેદવારો રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર–૧૦ – ૨૦૦૭ – ૧૨૦૩૨૦ – ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – ૧૦ અથવા ધોરણ – ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. કોમ્પ્યુટર જ્ઞાનની ઉપરોકત પૈકી લાગુ પડતી વિગત અરજી ફોર્મમાં અચુક દર્શાવવાની રહેશે.

**(૫) પરીક્ષા ફી અંગેના ધોરણો : –**

ઉકત તમામ સંવર્ગના ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબની કેટેગરીના તમામ ઉમેદવારોએ અરજી ફોર્મ ભરતી વખતે પરીક્ષા ફી ભરવી ફરજીયાત રહેશે. પરીક્ષા ફી નો ડીમાન્ડ ડ્રાફટ/બેન્કર્સ ચેક ચીફ ઓફિસર, જેતપુર નવાગઢ નગરપાલિકાના નામનો અરજી સાથે અચુક મોકલવાનો રહેશે.

(૧) સામાન્ય (જનરલ) કેટેગરી તમામ ઉમેદવારોએ રૂા.૫૦૦/– પરીક્ષા ફી અરજી દીઠ ભરવાની રહેશે.

(૨) અનુસુચિત જાતિ,( S.C.) અનુસૂચિતજન જાતિ, ( S.T.)સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ, ( S.E.B.C.) આર્થિક રીતે નબળા વર્ગના ( E.W.S.) (૧૦ % અનામતમાં સમાવિષ્ટ થયેલ), માજી સૈનિક ( Ex.Serviceman) તમામ કેટેગરીના તથા શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો ( P.H.) તમામ કેટેગરીના ઉમેદવારો બીન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેમને પરીક્ષા ફી ભરવાની રહેશે નહી. પરંતુ પરીક્ષા ફી માંથી મુકિત માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની અરજીમાં પોતાની કેટેગરી દર્શાવવાની રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે.

પાના – ૫ ઉપર ..

(૩) પરીક્ષા ફી માત્ર ડીમાન્ડ ડ્રાફટ/ બેન્કર્સ ચેકથી જ સ્વીકારવામાં આવશે. અન્ય કોઈ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહી.

(૪) પરીક્ષા ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં રીફન્ડ મળશે નહી. તેમજ તે ફી અન્ય કોઈ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહી. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની પરીક્ષા ફી ભર્યા વગરની અને અરજી સાથે નિયત પરીક્ષા ફી નો ડીમાન્ડ ડ્રાફટ / બેન્કર્સ ચેક જોડયા વગરની અરજી માન્ય રહેશે નહી.

## (૬) સામાન્ય શરતો

(૧) ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈશે. નિમણુંક માટે નાગરિકત્વ વગેરે સબંધી લાયકાતો જેતપુર નવાગઢ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી,બઢતી અને સેવાની શરતો બાબતના નિયમો – ૨૦૦૭ જે મંજુર થયેલા છે અને અમલમાં છે તે નિયમોના નિયમ ૪ તથા તેના પેટા નિયમો ૧ થી ૩ અને તેના પરંતુકો મુજબ રહેશે.

(૨) ઉમેદવાર ગુજરાતી અને / અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

(૩) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉમર,જાતિ (કેટેગરી એસ.ટી., એસ.સી., એસ.ઈ.બી.સી.,ઈ.ડબલ્યુ.એસ.) માજી સૈનિક, શારિરીક ખોડખાંપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોના આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નગરપાલિકા માંગે ત્યારે ઉમેદવારે અસલમાં તથા પ્રમાણિત ઝેરોક્ષ નકલોમાં રજુ કરવાની રહેશે. અને માંગ્યા મુજબના પ્રમાણપત્રો અને પુરાવાઓ રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજી પત્રક જે તે તબકકેથી " રદ " ગણવામાં આવશે.

(૪) આ જગ્યાઓ ઉપર સરકારશ્રીના તા. ૧૬/૦૨/૦૬ ના ઠરાવ અનુસાર તથા નગરપાલિકાના ભરતી નિયમોના નિયમ ૮(૧) મુજબ પાંચ વર્ષના અજમાયશી તરીકે માસીક ફીકસ પગારથી નિમણુંક અપાશે અને પાંચ વર્ષની સંતોષકારક ફરજ બાદ કાયમી નિમણુંક આપવા વિચારણા કરવામાં આવશે.

(૫) ઉકત જગ્યાઓની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના ધોરણો, પગાર ધોરણ તથા માસીક ફીકસ પગાર નગરપાલિકાની જાહેરાતમાં જે તે જગ્યા સામે દર્શાવ્યા મુજબના રહેશે.

(૬) ઉકત જગ્યાઓના ઉમેદવારોએ અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવેલ હોય તે નંબર સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન જાળવી રાખવાનો રહેશે. જરૂરી જણાયે નગરપાલિકા તરફથી આ નંબર ઉપર જરૂરી સુચનાઓ કે સંદેશાઓ અપાશે. જેથી અરજી પત્રકમાં દર્શાવેલ નંબર બદલવો નહી.

પાના – ૬ ઉપર ..

(૭) દરેક ઉમેદવારોએ અરજી પત્રકમાં  તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડવાનો રહેશે. તથા તેની વધારાની બે કોપી અરજી સાથે મોકલવાની રહેશે. અને આ પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને આ જાહેરાત અન્વયેની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીમાં ઉપયોગ કરવાનો રહેશે.(જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૮) એક જ ઉમેદવારે અલગ અલગ જગ્યા માટે માન્ય ધોરણે ઉમેદવારી અરજી કરેલ હશે તે ઉમેદવારે અલગ અલગ પરીક્ષા આપવાની રહેશે. નગરપાલિકાની જાહેરાતમાં સમાવિષ્ટ તમામ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા એક જ દિવસે / તારીખે અને એક જ સમયે યોજવા નકકી કરવામાં આવેલ હશે તો કઈ એક જગ્યા ઉપર લેખિત પરીક્ષા આપવી તે ઉમેદવારે સ્વવિવેકના આધારે નકકી કરવાનું રહેશે.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ,શૈક્ષણિક લાયકાત,વય, જાતિ, અનામત વર્ગ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી નગરપાલિકા દવારા ' રદ' કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવી શકાશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી / નિમણૂંક નગરપાલિકા / નિમણૂંક કરનાર સતાધિકારી દવારા કોઈ પણ તબકકે " રદ " કરવામાં આવશે.

(૧૦) નગરપાલિકા દવારા/ નગરપાલિકા નકકી કરે તે એજન્સી દવારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉર્તીણ થવાથી જ ઉમેદવારને નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુંક સમયે નિમણુંક સતાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૧૧) પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સતાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૧૨) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સતાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે નગરપાલિકાની સેવા માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. અને નિમણુંક બાબતે નિમણુંક સતાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૩) ભરતી પ્રક્રિયા નગરપાલિકા દવારા નકકી કરવામાં આવેલ ધોરણો અને નગરપાલિકાના ભરતી નિયમો ને આધિન રહેશે.

(૧૪) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર કોઈપણ ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો નગરપાલિકાને સંપુર્ણ અધિકાર રહેશે. અને નગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

પાના – ૭ ઉપર ..

(૧૫) ઉપરોકત શરતો સિવાય નગરપાલિકાને જરૂરી જણાય તે શરતો વખતો વખત નકકી કરી શકશે. અને તે તમામ શરતો બંધનકર્તા રહેશે. આ જાહેરાત / ભરતી સબંધેના કોઈ વિવાદના કિસ્સામાં નગરપાલિકાની પસંદગી સમિતિ અગરતો સક્ષમ સતાધિકારીશ્રી નિર્ણય કરશે. અને તે માન્ય રહેશે.

## (૭) ઉમેદવાર નીચેના કારણોસર ગેર લાયક ઠરશે :–

(૧) ઉમેદવાર આ નોકરી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નગરપાલિકાની પસંદગી સમિતીના અધ્યક્ષ, સભ્ય, અથવા કોઈ અધિકારી કે પદાધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરે,

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે,

(૩) બીજા પાસે પોતાનુ નામ ધારણ કરાવવા માટે,

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતી આચરવા માટે,

(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

(૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સબંધમાં અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે,

(૭) પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે, અન્ય ઉમેદવારની ઉતરવહીમાંથી નકલ કરવા, પુસ્તક,ગાઈડ,કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દવારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઈપણ ગેરરિતી આચરવા માટે,

(૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

(૯) OMR ઉતરપત્રમાં પોતાની ઓળખ સુચક કોઈપણ પ્રકારની નિશાની,લખાણ, આલ્ફાબેટ,ચિન્હ, કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયત્નો કરવા માટે,

(૧૦) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુક કરવા માટે,

(૧૧) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારિરીક રીતે ઈજા કરવા માટે,

(૧૨) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ઠ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે,

પાના – ૮ ઉપર..

(૧૩) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત નગરપાલિકા તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેર લાયક ઠરાવી શકશે.

(૧૪) ઉમેદવાર ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દવારા કયારેય પણ ગેર લાયક ઠરાવેલ હોય અને ગેર લાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૮) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ ગણવામાં આવશે : –**

(૧) નિયત અરજી ફોર્મમાં અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કરેલ ન હોય કે પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડેલ ન હોય,

(૪) અરજી જાહેરાતમાં દર્શાવેલ ધોરણોથી વિપરીત અને ફેકસથી,ઈ – મેઈલથી કે રૂબરૂ રજુ કરેલ હોય,

(૫) બીન અનામત વર્ગના(પરીક્ષા ફી ભરવાને પાત્ર હોય તેવા) ઉમેદવારે પુરેપુરી પરીક્ષા ફી ભરેલ ન હોય,

(૬) પરીક્ષા ફી મુકિત માટે જરૂરી અનામત વર્ગનો સક્ષમ અધિકારીનો દાખલો અરજી સાથે જોડેલ ન હોય,

(૭) ઉપરોકત કારણોસર અથવા નગરપાલિકાને વ્યાજબી જણાયેલ હોય તેવા અન્ય કારણોસર પણ ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર રહેશે.

| | | |
|---|---|---|
| ચીફ ઓફીસર<br>જેતપુર નવાગઢ નગરપાલિકા | ચેરમેન<br>પસંદગી સમિતી<br>જેતપુર નવાગઢ નગરપાલિકા | પ્રમુખ<br>જેતપુર નવાગઢ નગરપાલિકા |

" અનુસૂચિ – સી "

" અરજી ફોર્મ"

**પ્રતિ,**
**શ્રી ચીફ ઓફીસર સાહેબ,**
**જેતપુર નવાગઢ નગરપાલિકા,**
**જેતપુર. જી. રાજકોટ**

**વિષય : – ...................................... ની જગ્યા માટેની ઉમેદવારી અરજી**

જય ભારત સાથ, ઉપરોકત જગ્યા માટેની તા. .............. ના ................ દૈનિક પેપરમાં નગરપાલિકાની પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે આ જગ્યા ઉપર હું મારી ઉમેદવારી નોંધાવું છું. મારી લાયકાત તથા અન્ય વિગતો નીચે મુજબ છે.

(૧) અટક સાથે પુરૂ નામ : –

(૨) પત્ર વ્યવહારનું સરનામું : –

(૩) મોબાઈલ નંબર : –

(૪) જ્ઞાતિ / વર્ગ / અનામત વર્ગ :–

(૫) જન્મ તારીખ (શબ્દોમાં તથા આંકડામાં) : –

(૬) અરજી કરવાની છેલ્લી તારીખે ઉમર :– વર્ષ .............. માસ ............. દિવસ ...........

(૭) શૈક્ષણિક લાયકાત :– **(આધારો અરજી સાથે સામેલ રાખવાના નથી.)**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | જે વિધા શાખામાં ડીપ્લોમા – ડીગ્રી એન્જીનીયરીંગ / અભ્યાસ કરેલ હોય તેની વિગત દર્શાવવી. (દા.ત.સીવીલ/મિકેનીકલ/ ઈલેકટ્રીકલ/ ઈલે. સુપરવાઈઝર/ડ્રાફટસમેન સીવીલ વિ.) | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ / યુનિવર્સીટી / સંસ્થા | વર્ગ | ટકાવારી | પ્રયત્ન ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી. | ................ | | | | | |
| ૨ | એચ.એસ.સી. | ................. | | | | | |
| ૩ | ડીપ્લોમા | | | | | | |
| ૪ | ડીગ્રી | | | | | | |
| ૫ | પોસ્ટ ગ્રેજયુએશન | | | | | | |
| ૭ | અન્ય | | | | | | |

| | | |
|---|---|---|
| ૮ | કોમ્પ્યુટર જ્ઞાન(સી.સી.સી.) (સમકક્ષ લાયકાત મેળવેલ હોય તો તેની સંપૂર્ણ વિગત આપવી) | |

(૯) અરજી કરવાની છેલ્લી તારીખે કુલ અનુભવ : –

| ક્રમ | જે જગ્યાનો અનુભવ મેળવેલ હોય તે જગ્યા/ હોદો | કચેરી/ સંસ્થાનું નામ | કુલ અનુભવ | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | કુલ :– | | | |

(૧૦) પરીક્ષા ફી ની વિગત : – બેંક / શાખા : ............ ડી.ડી. / બેન્કર્સ ચેક નંબર / તારીખ ................ રકમ રૂા. ...........

(૧૧) અમો અનામત વર્ગના ઉમેદવાર હોવાથી પરીક્ષા ફીમાં મુકિત મળવાપાત્ર છે.
(અનામત વર્ગનો સક્ષમ અધિકારીનો દાખલો સામેલ છે.)

**ખાસ નોંધ :– સામાન્ય કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી નો ડી.ડી.અથવા બેન્કર્સ ચેક અને અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી માફી માટે અનામત વર્ગના દાખલા સિવાય અન્ય કોઈ પણ ડોકયુમેન્ટ અરજી ફોર્મ સાથે મોકલવાના નથી. અરજી ફોર્મમાં એક ફોટોગ્રાફ લગાવવાનો રહેશે તથા તેની બે વધારાની કોપી અરજી ફોર્મ સાથે અચુક મોકલવાની રહેશે.**

– : બાહેંધરી : –

આથી હું જાહેર કરૂ છુ કે, ઉપરોકત અરજી પત્રકમાં દર્શાવેલ તમામ વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ સાચી અને સંપુર્ણ છે. પાછળથી કોઈપણ સમયે ઉપરોકત કોઈપણ વિગત ખોટી જણાય તો મારી ઉમેદવારી રદ ગણવાની રહેશે. તેમજ હું પસંદગી પામીને નિમણુંક પામી ચુકયો હોય તો પણ મારી નિમણુંક શરૂઆતથી જ રદ બાતલ ગણવાની રહેશે. અને મારી નોકરી તુરંત સમાપ્ત કરવામાં આવશે. અને મળેલ વેતન મારે પરત ચુકવવાનું રહેશે. તથા નગરપાલિકા મારી સામે કાયદેસરના પગલા ભરી શકશે.

સ્થળ :
તારીખ : ઉમેદવારની સહી